GJBN150004212025

सत्यमेव जयते

| | |
|---|---|
| આંક: | |
| કેસ દાખલ તા. | ૦૭/૦૭/૨૦૨૫ |
| કેસ રજી.તા. | ૦૭/૦૭/૨૦૨૫ |
| કેસ ફેસલ તા. | ૦૪/૦૬/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ–માસ–દિવસ |
| | ૦૦–૧૦–૨૮ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO. (S)1/2017 તથા ક્રીમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટીફીકેશન નંબર C-2001-93 તારીખ : 20-05-2022 ના ઠરાવેલ પર્ફોમા મુજબ**

**મહુવાના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ તથા જજ, એફ.ટી.એસ.સી. (પોક્સો) કોર્ટ, મહુવા, જી.ભાવનગર**

**(ચુકાદાની તારીખ :–૦૪/૦૬/૨૦૨૬)**

**સ્પે. પોક્સો કેસ નં.–૧૫/૨૦૨૫**

**-: FORM-A :-**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | મહુવા પોલીસ સ્ટેશન |
| **ગુનો** | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ |

| | |
|---|---|
| | આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>(મુળ ફરીયાદી :– xxxxxx) |
| **વિ.એ.પી.પી.શ્રી** | કે.એસ.કેસરી |
| **આરોપી** | (૧) ધાર્મિક ઉર્ફે ટકો મુકેશભાઈ સોલંકી, ઉ.વ.૧૯, ધંધો–કડીયાકામ, રહે.દાસારામ મંદિરવાળો ખાંચો, મહુવા, જી.ભાવનગર |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | એ.યુ.તેલી |

**-: FORM-B :-**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૦૪ થી ૦૫/૦૩/૨૦૨૫ |
| **ફરીયાદની તારીખ** | ૧૦/૦૩/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ** | ૨૩/૦૬/૨૦૨૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૨૦/૦૮/૨૦૨૫ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૦૩/૦૯/૨૦૨૫ |
| **ચુકાદો સંક્ષીપ્તમાં રાખ્યાની તારીખ** | ૦૪/૦૬/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૪/૦૬/૨૦૨૬ |
| **સજા હુકમની તારીખ જો કોઇ હોય તો** | – |

## આરોપીની વિગત :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રી. પ્રો. કોડની કલમ – ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધાર્મિક ઉર્ફે ટકો મુકેશભાઈ સોલંકી | ૦૯/૦૫/ ૨૦૨૫ | ૧૯/૦૫/ ૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (આઈ) (એમ), તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ | નિર્દોષ છોડવામાં આવ્યા | | |

## -: FORM-C :-

## <u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

### (A) <u>ફરીયાદપક્ષ તરફે :–</u>

### –: <u>મૌખિક પુરાવાઓ</u> :–

| સાહેદ નંબર | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | રાકેશભાઈ મનુભાઈ પરમાર | પંચ સાહેદ | ૦૮ |
| ૨ | ડો.નીલ રોહીતભાઈ શાહ | મેડીકલ ઓફીસર | ૧૧ |
| ૩ | xxxxxxxxxx (ભોગબનનારના પિતા) | ફરીયાદી | ૧૫ |
| ૪ | xxxxxxxxxxxx (ભોગબનનારના માતા) | સાહેદ | ૧૭ |
| ૫ | ભોગબનનાર | ભોગબનનાર | ૨૧ |
| ૬ | ડો.રૂચી રમેશભાઈ વળીયા | મેડીકલ ઓફીસર | ૨૬ |
| ૭ | યકીન મનસુરઅલી કાજાણી | સાહેદ | ૩૦ |
| ૮ | રણજીતસિંહ દાનસંગભાઈ પરમાર | પી.એસ.ઓ. | ૩૫ |
| ૯ | હીંમતભાઈ ઘેલાભાઈ ભરવાડ | ત.ક.અ. | ૪૨ |

## (B) બચાવપક્ષના સાહેદો :–

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
| --- | --- | --- |
| – | – | – |

## (C) કોર્ટના સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
| --- | --- | --- |
| – | – | – |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ

## (A) ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
| --- | --- | --- |
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૯ |
| ૨ | પોલીસ યાદી | ૧૨ |
| ૩ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૧૩ |
| ૪ | ભોગબનનારનું હિસ્ટ્રી સહીત કોન્ફીડેન્સીયલ ફોર્મ | ૧૪ |
| ૫ | ફરીયાદ | ૧૬ |
| ૬ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૨૨ |
| ૭ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૨૭ |
| ૮ | આરોપીની મેડીકલ તપાસ કરવા કરેલ યાદી | ૨૮ |
| ૯ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ | ૨૯ |
| ૧૦ | ફોરવર્ડિંગ લેટર | ૩૧ |
| ૧૧ | ભોગબનનારનો જન્મ તારીખનો દાખલો | ૩૨ |
| ૧૨ | જન્મ તારીખનો દાખલો કાઢી આપવા કરેલ પોલીસ યાદી | ૩૩ |
| ૧૩ | તપાસ સંભાળી લેવાનો હુકમ | ૩૬ |
| ૧૪ | સ્ટે.ડાયરીની ખરીનકલ | ૩૭ |

| | | |
|---|---|---|
| ૧૫ | ઈસાક્ષ્ય અંગેના પ્રમાણપત્ર | ૪૩ થી ૪૬ |
| ૧૬ | મોબાઈલ નંબરોની કોલ ડીટેઈલ મેળવવા અંગેના સીડીઆર ફોર્મ | ૪૭ થી ૫૨ |
| ૧૭ | આરોપીના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની માહીતી આપવા મદદનીશ પોલીસ અધીક્ષકશ્રી મહુવાને કરેલ યાદી | ૫૩ |
| ૧૮ | આરોપીની વ્યક્તિ તપાસ અંગેનો ઓનલાઈન રીપોર્ટ | ૫૪ |
| ૧૯ | જીલ્લા બહાર જવા અંગેનો પરવાનગી પત્ર | ૫૫ |
| ૨૦ | જીલ્લા બહાર જવા અંગે મળેલ મંજુરી પત્ર | ૫૬ |
| ૨૧ | સરકારી પંચો ફાળવવા કરેલ યાદી | ૫૭ |
| ૨૨ | કલમ ઉમેરો કરવા કરેલ રીપોર્ટ | ૫૮ |
| ૨૩ | આરોપીના અટક કર્યા અંગેનું પંચનામુ | ૫૯ |
| ૨૪ | આરોપિના મેડીકલ સેમ્પલો તેમજ કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ | ૬૦ |
| ૨૫ | મોટર સાયકલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૬૧ |
| ૨૬ | ભોગબનનારના મેડીકલ સેમ્પલો તેમજ કપડા કબજે કર્યા અંગનું પંચનામુ | ૬૨ |
| ૨૭ | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૬૩ |
| ૨૮ | ભારે ગુનાનો ફેક્સ મેસેજ | ૬૪ |
| ૨૯ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા કરેલ યાદી | ૬૫ |
| ૩૦ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન મેળવવા તળાજા કોર્ટને કરેલ યાદી | ૬૬ |
| ૩૧ | એફ.એસ.એલ.જુનાગઢને મુદ્દામાલ પરીક્ષણ કરવા ઓફલાઈન/ઓનલાઈન મોકલાવેલ રવાનગી પત્રક | ૬૭, ૬૮ |
| ૩૨ | એફ.એસ.એલ.જુનાગઢને મુદ્દામાલ પરીક્ષણ કરવા ઓફલાઈન/ઓનલાઈન રવાનગી પત્રક મળેલ તે અંગેની પહોંચ | ૬૯ |
| ૩૩ | આરોપી તથા ભોગબનનારના સેમ્પલ શીલના પત્રો | ૭૦, ૭૧ |
| ૩૪ | ગુનાવાળી જગ્યાની માલીકીના આધાર સ્વરૂપે કબજે કરેલ | ૭૨ |

| | | |
|---|---|---|
| | લાઈટ બીલ | |
| ૩૫ | એફ.એસ.એલ.ફોરવર્ડિંગ તથા પરીક્ષણ અહેવાલ | ૭૩ |
| ૩૬ | ક્લોઝીંગ પુરસીસ | ૭૪ |

**(B) બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–**

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(C) કોર્ટના સાહેદ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–**

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## ચુકાદો

૧. આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૪/૦૩/૨૦૨૫ ના કલાક ૨૨:૦૦ થી તા.૦૫/૦૩/૨૦૨૫ ના કલાક ૦૪:૦૦ દરમ્યાન ફરીયાદીની સગીર વયની ભોગબનનાર દિકરી ઉ.વ.૧૭ વર્ષ ૦૮ માસ અને ૦૫ દિવસવાળીને આરોપીએ ભોગબનનાર સગીર વિની હોવાનું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી અપહરણ કરી, ભાવનગર, સુરત ખાતે લઈ જઈ, તેમજ પોતાના ઘરે લઈ જઈ, આરોપીએ ભોગબનનાર સગીર વયની છે તેવુ જાણવા છતાં ભોગબનનારની સગીર અવસ્થા દરમ્યાન સુરત મુકામે કામરેજ વિસ્તારમાં બાલાજી એપાર્ટમેન્ટમાં ભાડે રાખેલ રૂમમાં તથા આરોપીના મહુવા મુકામે આવેલ ઘરે અવાર નવાર ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા જાતીય

ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે.

આ કામે મહુવા પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.–૧૧૧૯૮૦૩૫૨૫૦૧૪૧/૨૦૨૫ થી ગુનો નોંધવામાં આવેલ છે. ત્યારબાદ હાલના ગુનાની તપાસ ત.ક.અ.ને સોંપવામાં આવેલ છે. ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ પંચનામા વિગેરે કાર્યવાહી કરી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સ્પે. કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

૨. આ કેસ અત્રેની કોર્ટમાં દાખલ થતા તેને સ્પે. પોક્સો કેસ નં.–૧૫/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

૩. આ કામે આરોપી હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ – ૨૩૦ અન્વયેની જોગવાઈના ભાગરૂપે હાલના ચાર્જશીટ તથા તમામ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ છે અને આ કામે ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાના ભાગરૂપે આ કામે સરકાર તરફે બી.એન.એસ.એસ.ની કલમ – ૨૪૯ અન્વયે પોતાનો કેસ ઓપન કરતા પ્રથમ આરોપી વિરૂધ્ધ તહોમતનામુ થઈ શકે તેવુ દર્શાવતા આ કામે આરોપી વિરૂધ્ધ આંક–૦૬ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ અન્વયેના શિક્ષાનેપાત્ર ગુના સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. તહોમતનામુ આરોપીને વાંચી સંભળાવતા ગુનો કબુલ છે કે નહી તે સબબ પુછતા ગુનો ન કબુલ હોવાનું જણાવતા આંક–૦૭ થી તેઓનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમા પોતાનો કેસ ખાનગી વકીલ મારફત બચાવ કરવા માંગે છે તે મતલબનું નિવેદન કોર્ટ રૂબરૂ આપેલ છે.

૪. **આરોપીનું વધારાનું નિવેદનઃ–**

પ્રોસીક્યુશન પક્ષના તમામ પુરાવા બાદ સદર પુરાવાના સંદર્ભે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ ની જોગવાઈ અનુસાર આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરતા આરોપીએ તમામ પુરાવાની સત્યતાનો ઈન્કાર કરી, વધુમાં તેઓએ કોઈ ગુનો કરેલ ન હોય અને તેઓ નિર્દોષ હોય, જેથી તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. વધુમાં તેઓ સોગંધ પર જુબાની આપવા માંગતા ન હોવાનું અને બચાવના સાહેદ પણ તપાસવા માંગતા ન હોવાનું જાહેર કરતા તેમના તરફે કોઈ પુરાવો ન હોય, હાલના કામે બંન્ને પક્ષ તરફે દલીલો સાંભળી હાલનું કામ ચુકાદા માટે મુલત્વી રાખવામાં આવેલ.

૫. **દલીલોઃ–**

૫.૧ આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ એવી દલીલો કરેલ છે કે, આરોપી વિરૂધ્ધ આંક–૦૬ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આ કામે ભોગબનનારની સગીર વયની હોવાનું આંક–૩૦ થી તપાસેલ સાહેદ યકીન કાજાણીના પુરાવા તથા તેઓના પુરાવા દરમ્યાન રજુ થયેલ ભોગબનનારના જન્મ તારીખના દાખલા પરથી પુરવાર થાય છે. તેમજ આંક–૨૨ થી રજુ ભોગબનનારના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનમાં આરોપી ભોગબનનારને ભગાડી લઈ ગયેલ હોય તેવી હકીકતને સમર્થન મળે છે. તેમજ આ કામે બંને મેડીકલ ઓફીસરનો પુરાવો જોવામાં આવે તો તેઓ સમક્ષ જે ભોગબનનારે હીસ્ટ્રી આપેલ છે તેમા ભોગબનનારને આરોપી ભગાડી લઈ ગયેલ હોય અને અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોય તેવી હકીકતને સમર્થન મળે છે. તેમજ આ કામે તપાસેલ ત.ક.અ.નો પુરાવો તથા તેઓના પુરાવા દરમ્યાન મેળવેલ દસ્તાવેજી

પુરાવા ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આમ, ફરીયાદપક્ષે પોતાનો કેસ રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય, આરોપીને દોષિત ઠરાવી સજા કરવા અરજ કરેલ છે.

૫.૨ આરોપીના વિ.વ.શ્રી એ.યુ.તેલીએ એવી દલીલ કરેલ છે કે, આ કામે ભોગબનનાર તથા તેના માતા–પિતા હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેવા સંજોગોમાં અન્ય પુરાવા પર આધાર રાખી શકાય નહી. તેમજ ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હતી તેવુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આમ, ફરીયાદપક્ષ તેઓનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૬. આરોપી સામેના આરોપના સ્વરૂપને તથા તે સંદર્ભેની કાયદાની જોગવાઈને ધ્યાને લઈ હાલના કેસના ગુણ–દોષ પરના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા**

૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હતા ?

૨) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૪/૦૩/૨૦૨૫ ના કલાક ૨૨:૦૦ થી તા.૦૫/૦૩/૨૦૨૫ ના કલાક ૦૪:૦૦ દરમ્યાન ફરીયાદીની સગીર વયની ભોગબનનાર દિકરી ઉ.વ.૧૭ વર્ષ ૦૮ માસ અને ૦૫ દિવસવાળીને આરોપીએ ભોગબનનાર સગીર વિની હોવાનું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી અપહરણ કરી, ભાવનગર, સુરત ખાતે લઈ જઈ, તેમજ પોતાના ઘરે લઈ જઈ, આરોપીએ ભોગબનનાર સગીર વયની છે તેવુ જાણવા છતાં ભોગબનનારની સગીર અવસ્થા દરમ્યાન સુરત મુકામે કામરેજ વિસ્તારમાં બાલાજી એપાર્ટમેન્ટમાં ભાડે રાખેલ રૂમમાં તથા આરોપીના મહુવા મુકામે આવેલ ઘરે અવાર નવાર ભોગબનનાર સાથે

શરીર સંબંધ બાંધી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

૩) શું હુકમ ?

૭. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છેઃઃ

૧) હકારમાં

૨) નકારમાં

૩) આખરી હુકમ મુજબ

**<u>કારણો</u>**

૮. **<u>મુદ્દા નં.–૧ ના નિર્ણય માટેના કારણોઃ–</u>**

૮.૧) **<u>પુરાવાનો બોજોઃ–</u>**

હાલના કામે મુદ્દા નં.–૧ ના સંદર્ભે પુરાવાના બોજાનો પ્રશ્ન છે ત્યા સુધી ફરીયાદીની સગીર વયની ભોગબનનાર દિકરી ઉ.વ.૧૭ વર્ષ ૦૮ માસનીને આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી અપહરણ કરી, અલગ અલગ જગ્યાએ લઈ જઈ, ભોગબનનાર સગીર વયની છે તેવુ જાણવા છતાં ભોગબનનારની સગીર અવસ્થા દરમ્યાન અવાર નવાર ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધી ગુનો કરેલ છે તેવા આરોપોના સ્વરૂપને જોતાં હાલના કામે સૌ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા કે કેમ ? તે બાબતનો નિર્ણય કરવો જરૂરી હોઈ તથા કાયદાના અને આગળ ટાંકેલ ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ બનાવ સમયે ભોગ બનનાર સગીર હોય તેવા સ્પષ્ટ કેસ સાથે પ્રોસી. પક્ષ આવેલ હોઈ, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની યાને કે તે સગીર વયની હોય તેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસી.પક્ષના શીરે રહેલ છે.

૮.૨) **નામદાર સુપ્રીમ કોર્ટના ૨૦૧૫ કાઈમ્સ ૩૧૯ (સુપ્રીમ કોર્ટ) સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિ. અનોપસિંહ તથા ૧૯૯૬(૨) સુપ્રીમ કોર્ટ કેસીસ પાના નં. –૩૮૪ કેદારનાથ વિ. સ્ટેટ ઓફ દિલ્હી ના ચુકાદા, તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના (૧) જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરીયાણા, (૨૦૧૩) ૭ એસ.સી.સી. ૨૬૩ તથા (૨) પી યુવાપ્રકાશ વિ. સ્ટેટ રીપ્રેઝન્ટેડ બાય ઈન્સ્પેકટર ઓફ પોલીસ, ૨૦૨૩ એ.આઈ.આર. (એસ.સી.) ૩૫૨૫** ના ચુકાદાના પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતો ભોગબનનારની ઉંમર માટે ધ્યાને લેવામાં આવેલ છે.

૮.૩) વધુમાં જોઈએ તો નામદાર સુપ્રીમ કોર્ટે ઉંમર સબંધે ૨૦૧૫ કાઈમ્સ ૩૧૯ (સુપ્રીમ કોર્ટ) સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિ. અનોપસિંહ કી. પર. અરજી નં.– ૪૪૨/૧૦ માટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો લક્ષમાં રાખતા તેમા પેરા ૧૧, ૧૨ તેમજ ૧૩માં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જન્મનો દાખલો શ્રેષ્ઠ પુરાવો ગણાય તેજ રીતે ૧૯૯૬ (૨) સુપ્રીમ કોર્ટ કેસીસ પાના નં.–૩૮૪ કેદારનાથ વિ. સ્ટેટ ઓફ દિલ્હી તથા ૧૯૯૭, કીમીનલ લો જર્નલ, પેઈજ નં.–૨૮૪૨. જીતમોહન લુહાર વિ. સ્ટેટ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત લક્ષમાં લેતા ભોગ બનનાર જયારે બનાવ વખતે સગીર વયની હોય અને તેની ઉંમર સંદર્ભે જયારે ફરીયાદપક્ષ દવારા શાળાના રજીસ્ટરનો ઉતારો કે જન્મના પ્રમાણપત્રનો પુરાવો અને તે બંને પુરાવા ન હોય તો મેડીકલ તપાસણી દરમ્યાન નક્કી કરવામાં આવેલી ઉંમર લક્ષમાં લેવી જોઈએ.

૮.૪) આમ, ઉપરોકત કાયદાકીય પરિસ્થિતી તેમજ આરોપી સામેના આક્ષેપ ધ્યાને લેતા તથા સમગ્ર પુરાવો ધ્યાને લેતા ભોગબનનારની ઉંમરની સાબિતી માટે ફરીયાદપક્ષ તરફે આંક–૩૦ થી સાહેદ યકીન મનસુરઅલી કાજાણીને સોગંધ ઉપર તપાસવામાં આવે છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો ભોગબનનારના જન્મ તારીખની નોંધ ગવર્મેન્ટ હોસ્પિટલ મહુવાની યાદી આધારે કરવામાં આવેલ

હોવાની હકીકતને સમર્થન મળે છે. આ અંગે આંક–૩૨ થી રજુ જન્મનુ પ્રમાણપત્ર ધ્યાને લેતા તેમા ભોગબનનારનો જન્મ સરકારી હોસ્પિટલમાં થયેલ હોવાની હકીકત અને તેણીની જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ ની હોવાની હકીકતને સમર્થન મળે છે. જ્યારે ભોગબનનારના માતા–પિતા તથા ભોગબનનારનો રજુ થયેલ સોગંધ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેમા ભોગબનનારની જન્મ તારીખ તેઓને ખબર નહી હોવાની હકીકત જણાવે છે. પરંતુ આંક–૩૦ થી રજુ સાહેદનો પુરાવો અને આંક–૩૨ થી રજુ ભોગબનનારનો જન્મ તારીખનો દાખલો વંચાણે લેતા ભોગબનનારનો જન્મ સરકારી હોસ્પિટલમાં થયેલ હોવાની અને હોસ્પિટલ યાદી આધારે ભોગબનનારના જન્મની નોંધ થયેલ હોવાની હકીકતને સમર્થન મળતુ હોય, જેથી આંક–૩૨ વાળો ભોગબનનારનો જન્મ તારીખનો દાખલો ન માનવાને કોઈ કારણ રહેતુ ન હોય, જેથી ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હતી તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોય, જેથી **મુદ્દા નં.–૧ નો જવાબ હકારમાં** આપવામાં આવેલ છે.

૯. **મુદ્દા નં.–૨ ના નિર્ણય માટેના કારણોઃ–**

**પુરાવાનો બોજોઃ**

મુદ્દા નં.–૨ ના સ્વરૂપને ધ્યાને લેતા તા.૦૪/૦૩/૨૦૨૫ ના કલાક ૨૨:૦૦ થી તા.૦૫/૦૩/૨૦૨૫ ના કલાક ૦૪:૦૦ દરમ્યાન ફરીયાદીની સગીર વયની ભોગબનનાર દિકરી ઉ.વ.૧૭ વર્ષ ૦૮ માસ અને ૦૫ દિવસવાળીને આરોપીએ ભોગબનનાર સગીર વિની હોવાનું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી અપહરણ કરી, ભાવનગર, સુરત ખાતે લઈ જઈ, તેમજ પોતાના ઘરે લઈ જઈ, આરોપીએ ભોગબનનાર સગીર વયની છે તેવુ જાણવા છતાં ભોગબનનારની સગીર અવસ્થા દરમ્યાન સુરત મુકામે કામરેજ વિસ્તારમાં બાલાજી એપાર્ટમેન્ટમાં ભાડે રાખેલ રૂમમાં તથા

આરોપીના મહુવા મુકામે આવેલ ઘરે અવાર નવાર ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે કે કેમ તે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે.

૧૦. **<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

૧૦.૧) ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ ગયેલ હોય, તેવા સંજોગોમાં તેણીને સગીર અવસ્થા દરમ્યાન આરોપીએ તેણીને ભગાડી લઇ જઈ અને તેણીની સાથે પ્રવેશ જાતીય હુમલો કરેલ છે કે કેમ તે હકીકત તપાસવાની રહે છે. તે સંદર્ભે ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૫ અને ૧૭ થી રજુ થયેલ ભોગબનનારના માતા–પિતાનો સોગંધ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓની ભોગબનનાર દિકરી બનાવ સમયે ઘરે કોઈને કીધા વગર જતી રહેલ હોય અને આરોપી વિરૂધ્ધ શંકા જતા ફરીયાદ કરેલી હોય અને તેઓની ભોગબનનાર દિકરી ઘરે આવ્યા બાદ તેણીના માસીના ઘરે ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. આ બંન્ને સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી, વિ.એ.પી.પી.શ્રીને આ બંન્ને સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા તેમા પણ આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

૧૦.૨) તેવી જ રીતે ફરીયાદપક્ષ દ્વારા આંક–૨૧ થી ભોગ બનનારની જુબાની રજુ થયેલ છે અને તેની સમગ્ર જુબાની ધ્યાને લેતા બનાવ સમયે તેણીની મરજીથી માસીને ઘરે જતી રહેલી હોવાની હકીકત જણાવે છે. આમ, ભોગબનનાર અને તેના માતા–પિતાનો પુરાવો જોવામાં આવે તો ભોગબનનારની સગીર અવસ્થા દરમ્યાન

ભોગબનનારને આરોપી ભગાડી લઈ ગયેલ હોય અને ભોગબનનારની સગીર અવસ્થા દરમ્યાન તેણીની સાથે આરોપીએ અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

૧૦.૩) ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ થી પંચ સાહેદ રાકેશભાઈ મનુભાઈ પરમારને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં પોલીસે તેઓને ફરીયાદીના જનતા પ્લોટમાં આવેલ ઘર પાસે બોલાવેલ હોવાની અને તેઓની સાથે મુકેશભાઈ હાજર હોવાની અને ફરીયાદીના ઘરની અંદર લઈ ગયેલ હોવાની અને તે જગ્યાનું પંચનામુ કરેલ હોવાની હકીકતને સમર્થન કરે છે. જ્યારે આ સાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પોલીસને પંચનામાની હકીકત લખાવેલ ન હોવાની અને તેઓએ પોલીસ સ્ટેશનમાં એકમાત્ર સહી કરેલ હોવાની હકીકત કબુલ રાખેલ છે.

૧૦.૪) ફરીયાદપક્ષ તરફે આંક–૧૧ થી ડો.નીલ રોહીતભાઈ શાહને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના સોગંધ ઉપરના પુરાવામાં ભોગબનનારને તેઓ પાસે પોલીસ યાદી સાથે મેડીકલ તપાસણી માટે લાવેલ હોવાની અને તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસ કરેલ હોવાની અને ભોગબનનાર આ સાહેદ સમક્ષ આરોપી સાથે તેણી ભાગી ગયેલ હોય અને મરજીથી ઘણી વખત શરીર સંબંધ બાંધેલ હોવાની હીસ્ટ્રી આપેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ મેડીકલ ઓફીસર સમક્ષની હિસ્ટ્રીએ અગાઉનું નિવેદન ગણાય. જ્યારે ભોગબનનાર પોતે તેમની જુબાનીમાં આવી કોઈ હકીકતને સમર્થન કરતા ન હોય, આવી હિસ્ટ્રી ઉપર આધાર રાખી શકાય નહી.

૧૦.૫) ફરીયાદપક્ષ તરફે આંક–૨૬ થી ડો.રૂચી રમેશભાઈ વળીયાને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના સોગંધ ઉપરના પુરાવામાં ભોગબનનારને તેઓ પાસે પોલીસ યાદી સાથે

મેડીકલ તપાસણી માટે લાવેલ હોવાની અને તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસ કરેલ હોવાની અને ભોગબનનાર આ સાહેદ સમક્ષ આરોપી સાથે તેણી ભાગી ગયેલ હોય અને મરજીથી ઘણી વખત શરીર સંબંધ બાંધેલ હોવાની હીસ્ટ્રી આપેલ હોવાની અને ભોગબનનારના મેડીકલ સેમ્પલો લીધેલ હોવાની અને ત્યારબાદ આરોપીને તેઓ પાસે પોલીસ યાદી સાથે મેડીકલ તપાસ માટે લાવેલ હોવાની અને આરોપીના મેડીકલ સેમ્પલો લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ મેડીકલ ઓફીસર સમક્ષની હિસ્ટ્રીએ અગાઉનું નિવેદન ગણાય. જ્યારે ભોગબનનાર પોતે તેમની જુબાનીમાં આવી કોઈ હકીકતને સમર્થન કરતા ન હોય, આવી હિસ્ટ્રી ઉપર આધાર રાખી શકાય નહી.

૧૦.૬) ફરીયાદપક્ષ તરફે આંક-૩૫ થી પી.એસ.ઓ. રણજીતસિંહ દાનસંગભાઈ પરમારને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના સોગંધ ઉપરના પુરાવામાં ફરીયાદીની ફરીયાદ હકીકત જાહેર કરતા તેમની ફરીયાદ લખી લઈ અને ગુહો દાખલ કરેલ હોવાની અને આગળની તપાસ પોલીસ ઈન્સ. એચ.જી.ભરવાડને સોંપેલ હોવાની હકીકત જણાવેલ છે.

૧૦.૭) ફરીયાદપક્ષ તરફે આંક-૪૨ થી ત.ક.અ.હિંમતભાઈ ઘેલાભાઈ ભરવાડને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના સોગંધ ઉપરના પુરાવામાં તેમને હાલના ગુનાની તપાસ મળતા તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોવાની અને આરોપી તથા ભોગબનનારના મોબાઈલ નંબરોનું સીડીઆર મેળવવા નોડલ ઓફીસરને યાદી કરેલ હોવાની અને ભોગબનનારનો જન્મ તારીખનો દાખલો મેળવવા નગરપાલીકા મહુવાને યાદી કરેલ હોવાની અને જન્મ તારીખનો દાખલો મળી આવતા તપાસના કામે સામેલ રાખેલ હોવાની અને આરોપી તથા ભોગનનાર મળી આવતા આરોપીનું અટક પંચનામુ કરેલ હોવાની અને ભોગબનનારનું નિવેદન લીધેલ હોવાની

અને પોક્સો એક્ટની કલમનો ઉમેરો કરવા એડી.ચીફ જ્યુડી.મેજી, મહુવા કોર્ટને યાદી કરેલ હોવાની અને ભોગબનનારના મેડીકલ સેમ્પલો તેમજ ગાયનેક તપાસ કરવા જનરલ હોસ્પિટલ મહુવાને યાદી કરેલ હોવાની અને આરોપીના મેડીકલ સેમ્પલો મેળવવા યાદી કરેલ હોવાની અને મેડીકલ સેમ્પલો પંચો રૂબરૂ કબજે કરેલ હોવાની અને પંચનામુ કરેલ હોવાની અને આરોપીએ ગુનામાં વાપરેલ મોટરસાયકલ કબજે કર્યાનું પંચનામુ કરેલ હોવાની અને ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મજુબનું નિવેદન લેવડાવવા યાદી કરેલ હોવાની અને નામદાર કોર્ટ પાસેથી નિવેદન મેળવીને તપાસના કામે સામેલ રાખેલ હોવાની અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલ હોવાની અને તપાસના કામે જીલ્લા બહાર જવા મંજુરી મેળવવા યાદી કરેલ હોવાની અને ભોગબનનારને સાથે રાખીને ભોગબનનાર સાથે આરોપીએ શરીર સંબંધ બાંધેલ તે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોવાની અને ગુના દરમ્યાન પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરેલ હોવાની અને એફ.એસ.એલ.ને પરીક્ષણ અર્થે મોકલેલ હોવાની અને મેડીકલ સર્ટીફીકેટ તથા નિવેદન તથા દસ્તાવેજોનો અભ્યાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

૧૧. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા ભોગબનનાર તેણીની મરજીથી ઘરેથી નિકળી ગયેલ હોવાનું ફલીત થતુ હોય, તેમજ ઘરેથી નિકળી ત્યારે તેણીની ઉંમર ૧૭ વર્ષ ૮ માસની હોય, **<u>નામદાર સર્વોચ્ચ અદાલતના એસ.વરદરાજ વિ. સ્ટેટ ઓફ મદ્રાસ, એ.આઈ.આર. ૧૯૬૫ એસ.સી. ૯૪૨</u>** ના ચુકાદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ જ્યારે ભોગબનનાર પુખ્તતાના આરે હોય અને તેની મરજીથી ઘરેથી નિકળી ગયેલ હોય, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનો ગુનો બનતો

નથી. તેવી જ રીતે રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા ભોગબનનાર સગીર અવસ્થા દરમ્યાન તેણી સાથે પ્રવેશ જાતીય હુમલો થયેલ હોવાનું પણ સાબિત થતુ નથી. વધુમાં ભોગબનનારે તેણીના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ ના નિવેદનમાં આરોપી સાથે ફોન પર વાતો કરતા હોવાની અને આરોપી સાથે ભાગી ગયેલ હોવાની હકીકત જણાવે છે. પરંતુ ભોગબનનાર તેઓના સોગંદપરના પુરાવામાં આવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી. વધુમાં ફરિયાદપક્ષની હકિકતને સમર્થનકારક અન્ય કોઇ તટસ્થ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. તેથી માત્ર મેડીકલ ઓફીસર તથા ત.ક.અ.ની જુબાની ઉપર આધાર રાખી આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદ પક્ષ તેમના કેસની પાયાની હકિકત શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, તેવા સંજોગોમાં કાયદાની કલમ–૨૯ નું અનુમાન પણ આરોપી વિરુદ્ધ કરી શકાય તેમ નથી. જેથી, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધની ફરીયાદપક્ષની પાયાની હકીકત શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતનું માનવુ હોય, **મુદ્દા નં.–૨ નો જવાબ નકારમાં** આપી, મુદ્દા નં.–૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

૧. બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) ની જોગવાઇ મુજબ હાલના કામના આરોપી ધાર્મિક ઉર્ફે ટકો મુકેશભાઈ સોલંકીનાઓને તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો હાજર રહેવા સંબંધે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન અત્રેની અદાલતમાં રજુ કરવા.

૩. આ હુકમની એક ખરીનકલ ભોગબનનારના વાલીને વિના મુલ્યે આપવી.

૪. આ કામે કબજે કરેલ બિનકીંમતી મુદ્દામાલનો અપીલ પીરીયડ બાદ કાયદાનુસાર નાશ કરવો.

૫. આ કામે કબજે કરેલ મુદ્દામાલ મોટરસાયકલનો વચગાળાની કસ્ટડી પર સોંપવાનો હુકમ થયેલ તે હુકમ અપીલ પીરીયડ બાદ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૪'થી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મહુવા
તા.૦૪/૦૬/૨૦૨૬

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ તથા**
**એફ.ટી.એસ.સી.(પોક્સો) કોર્ટ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**

HRC